# વેટરનરી ઇમરજન્સી રીસ્પોન્સ યુનીટ (વેરૂ)
## આણંદ કૃષિ યુનિવર્સીટી,
## આણંદ – ૩૮૮ ૦૦૧

### વેટરનરી કોલેજ, આકૃયુ, આણંદ ખાતે "આપદા સમયે જાનવરોની સુરક્ષા અને પ્રબંધન" વિષય પર વર્કશોપનું આયોજન

આણંદ તા. ૦૮/૧૦/૨૦૧૮ વેટરનરી કોલેજમાં વેટરનરી ઇમરજન્સી રીસ્પોન્સ યુનીટ દ્વારા આપદાના સમયે જાનવરોની સુરક્ષા અને પ્રબંધન અંગેનો વર્કશોપ વેટરનરીના છેલ્લા વર્ષના વિધાર્થીઓ માટે આરંભાયો હતો. ઉદઘાટન પ્રસંગે આણંદ કૃષિ યુનિવર્સિટીના સંશોધન નિયામકશ્રી ડૉ. કે. બી. કથીરીયાએ જણાવ્યું હતું કે આવો વર્કશોપ એક વિશિષ્ટ રીતે યોજાય રહયો છે જેમાં મૂગાં જાનવરોને આપંતિના સમયે કેવી રીતે બચાવવા અને સારસંભાળ કરવી તેની ઉમદા સેવાનું કાર્ય છે. વેટરનરી કોલેજ આણંદ આવા પશુઓ તેમજ પક્ષીઓના આપંતકાલીન સારવાર તેમજ પ્રબંધન અગેનું પ્રસંન્નનીય કાર્ય કરી રહેલ છે. તેમ જણાવી સૌને આ ઉમદા કાર્ય માટે બિરદાવ્યા હતા.

અતિથિ વિશેષ પદેથી આણંદ કૃષિ યુનિવર્સિટીના વિધાર્થી પ્રવૃતિઓના નિયામકશ્રી ડૉ. એસ. એચ. અકબરી સાહેબે જણાવ્યું હતુ કે પશુઓની સારસંભાળ તેમજ કોલેજ ખાતે સવારમાં યોજાયેલ રક્તદાન શિબિર જેવાં ઉમદા કાર્યો દ્વારા વેટરનરી કોલેજ ઉદારહણીય કાર્ય કરી રહયુ છે.

ગુજરાત ખાતે NDRFની છઠ્ઠી બટાલીયનનાં ડેપ્યુટી કમાન્ડરશ્રી આર. કે. મિશ્રાએ કોલેજની આવી છેલ્લાં પાંચ વર્ષથી ચાલતી પ્રવુતિઓનાં સાક્ષી તરીકે ઓળખાવી વેટરનરી કોલેજને બિરદાવી અને આવાં કાર્યમાં ભાગીદાર થવા સૌને પ્રોત્સાહીત કર્યા હતા.

આ ઉદઘાટન પ્રંસગે કોલેજના કાર્યકારી આચાર્યશ્રી ડૉ. બી. પી. જોષીએ સૌને આવકાર્યા હતા, તેમજ આ વર્કશોપના ઓર્ગેનાઝીગ સેક્રેટરી તેમજ VERU કોઓર્ડિનેટર, ડૉ. આર. એસ. જોષીએ વર્કશોપની કામગીરી સમજાવી હતી, તેમજ VERU યુનીટ અહીંયા કેવી રીતે ફાળવવામાં આવ્યું તેની છણાવટ કરી હતી તેમજ વર્લ્ડ એનીમલ પ્રોટેકશન, ભારત શાખાનો આભાર માન્યો હતો. કાર્યક્રમનું સુંદર સંચાલન ડૉ. એસ. કે. રાવલ તેમજ આભારવિધિ ડૉ. કે. એ. સાદરીયાએ કરી હતી.

ઉદઘાટન સમારોહ બાદ આણંદ મ્યુનસીપાર્ટીના ફાયર ઓફીસર શ્રી ધર્મેશ ગોર દ્વારા આગજનીના સમયે કેવી રીતે કામગીરી કરવી તેમ સમજાવી મોકડ્રીલ (નિર્દશન) બતાવ્યું હતું, તેમજ આવા સમયે કેવી કામગીરી કરવી તેનું નિદર્શન કર્યુ હતું.




વેટરનરી કોલેજ આણંદ ખાતે "આપદા સમયે જાનવરોની સુરક્ષા અને પ્રબંધન" વિષય પર વર્કશોપનું આયોજન